Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


Make Safety Your Top Priority
Application for KSB Make Fire Fighting Pumps
□ Industries & Factories
□ Commercial & Residential Buildings
□ Hospitals, Hotels, Malls, Schools & Colleges
Pooja Agencies
'POOJA HOUSE' 2/860, RING ROAD, OPP. SUB-JAIL, SURAT-395002. GUJARAT
Phone :-+91-261-2313450/2328450
E-mail: Surat @poojagroup.com

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ અમાસ ગુરુવાર ૧૯ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૩

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# અમેરિકાએ ઈરાન પર ઝીંક્યા 5,000 કિલોના 'બંકર બસ્ટર' બોમ્બ

**સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં યુદ્ધ ભયાનક બન્યું**

**-જીબીયુ-72 બોમ્બ જમીનની અંદર ખૂબ ઊંડે સુધી જઈને વિસ્ફોટ કરવાની ક્ષમતા ધરાવે છે**

**ટ્રમ્પે આ કાર્યવાહી બાદ બ્રિટન, ફ્રાન્સ સહિતના સાથી દેશો પર આકરા પ્રહાર કર્યા**

**દુબઈ, તા. 18 (AP):** અમેરિકી સૈન્યએ હોર્મુઝની સામુદ્રધુની નજીક ઈરાની દરિયાકાંઠા પર આવેલા ભૂગર્ભ મિસાઈલ મથકો પર 5,000 પાઉન્ડ (અંદાજે 2,268 કિલો)ના અનેક 'ડીપ પેનિટ્રેટર' બોમ્બ ફેંક્યા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ હુમલામાં અત્યંત આધુનિક જીબીયુ-72 બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે જમીનની અંદર ખૂબ ઊંડે સુધી જઈને વિસ્ફોટ કરવાની ક્ષમતા ધરાવે છે. ઈરાનના આ મથકો પર રાખવામાં આવેલી એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો આંતરરાષ્ટ્રીય શિપિંગ માટે મોટું

...અનુસંધાન પાના 11 પર



## ઈરાનનો વળતો પ્રહાર: સાઉદી અરેબિયા પર હુમલો અને ઇઝરાયેલ પર મિસાઈલ વર્ષા

ઇઝરાયેલની કાર્યવાહીના જવાબમાં ઈરાને સાઉદી અરેબિયાના તેલ ક્ષેત્રો ધરાવતા પૂર્વી પ્રાંત પર હુમલો કર્યો છે. ઈરાને કતાર અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના તેલ અને ગેસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ હુમલા કરવાની ધમકી આપી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ 40 ટકા વધીને પ્રતિ બેરલ 108 ડોલરને પાર કરી ગયા છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે મધ્ય ઇઝરાયેલને નિશાન બનાવીને

...અનુસંધાન પાના 11 પર

## ઇઝરાયેલની મોટી કાર્યવાહી: ઈરાની ગુપ્તચર મંત્રીની હત્યા અને ગેસ ફિલ્ડ પર હુમલો

બુધવારે ઇઝરાયેલે ઈરાનના નેતૃત્વને નિશાન બનાવવાનું ચાલુ રાખતા દાવો કર્યો હતો કે એક રાત્રિ હુમલામાં ઈરાનના ગુપ્તચર મંત્રી ઈસ્માઈલ ખાતિબ માર્યા ગયા છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇઝરાયેલ કાત્ઝે આગામી સમયમાં હજુ પણ મોટા 'સરપ્રાઈઝ' આપવાની ચેતવણી આપી છે. આ ઉપરાંત, ઈરાનના વિશાળ 'સાઉથ પાર્સ' નેચરલ ગેસ ફિલ્ડ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો, જે પ્રદેશની આર્થિક કરોડરજ્જુ સમાન છે. ઇઝરાયેલે આ અગાઉ ટોચના સુરક્ષા અધિકારી અલી લારીજાની અને રિવોલ્યુશનરી ગાર્ડના બાસિજ ફોર્સના વડાને પણ ઠાર કર્યા છે. ઈરાનના બુશેહર પરમાણુ પ્લાન્ટ સંકુલ પર પણ એક પ્રોજેક્ટાઈલ પડ્યું હતું, જોકે તેનાથી કોઈ મોટું નુકસાન થયું નથી. બીજી તરફ, લેબનોનમાં પણ ઇઝરાયેલે બેરુતમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર જોરદાર હુમલા કર્યા છે, જેમાં એક પત્રકાર સહિત અનેક લોકોનાં મોત થયાં છે. યુદ્ધ શરૂ થયું ત્યારથી અત્યાર સુધી ઈરાનમાં 1300થી વધુ લોકોનાં મોત થયાં છે.

## ઈરાનના અણુ મથક પર પ્રોજેક્ટાઈલ હુમલો

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના વધતા તણાવ વચ્ચે ઈરાનના બુશેહર પરમાણુ પાવર પ્લાન્ટ સંકુલ પર એક પ્રોજેક્ટાઈલ ત્રાટક્યું હતું. તેહરાન તરફથી મળેલી માહિતી બાદ આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી (આઈએઈએ)એ આ ઘટનાની પુષ્ટિ કરી છે. જોકે, રાહતની વાત એ છે કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી અને અણુ પ્લાન્ટને પણ કોઈ મોટું નુકસાન પહોંચ્યું નથી. આઈએઈના વડા રાફેલ ગ્રોસીએ આ ઘટના બાદ અત્યંત ચિંતા વ્યક્ત કરી છે અને બંને પક્ષોને મહત્તમ સંયમ રાખવા અપીલ કરી છે, જેથી કોઈ મોટી પરમાણુ દુર્ઘટનાને ટાળી શકાય. આ ઉપરાંત, ઇઝરાયેલે ઈરાનના અન્ય સંવેદનશીલ સ્થળો પર પણ દબાણ વધાર્યું છે, જેમાં તેના કુદરતી ગેસ ફિલ્ડને પણ નિશાન બનાવવામાં આવ્યું છે, જેના કારણે સમગ્ર પ્રદેશના ઉર્જા સ્ત્રોતો પર ખતરો મંડરાઈ રહ્યો છે.

## રૂપિયો પાતાળમાં: 92.89ની ઐતિહાસિક નીચલી સપાટીએ

**49 પૈસાનો** કડાકો

**મુંબઈ, તા. 18 (PTI):** બુધવારે ભારતીય રૂપિયો અમેરિકી ડોલર સામે 49 પૈસાના મોટા ઘટાડા સાથે 92.89ની સર્વકાલીન નીચલી સપાટીએ બંધ રહ્યો હતો. મજબૂત ડોલર અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) દ્વારા સતત થઈ રહેલી વેચવાલીને કારણે રૂપિયા પર ભારે દબાણ જોવા મળ્યું હતું.

ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા મુજબ, પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ઊંચા ભાવે પણ સેન્ટિમેન્ટ બગાડ્યું હતું.

આંતરબેંક વિદેશી હૂંડિયામણ બજારમાં રૂપિયો 92.42 પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન 92.41થી 92.89ની રેન્જમાં ટ્રેડ થયા બાદ રેકોર્ડ સ્તરે બંધ થયો હતો. અગાઉ મંગળવારે રૂપિયો 92.40 પર બંધ રહ્યો હતો. નિષ્ણાતોના મતે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ 92.50ની સપાટી તોડવાની મંજૂરી આપતા રૂપિયો વધુ ગગડ્યો હતો, એટલે કે આરબીઆઈએ રૂપિયાને ટેકો આપવાનું બંધ કર્યું અને તેને બજારના સેન્ટિમેન્ટ મુજબ ઘટવા દીધો.

બીજી બાજુ, શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો, સેન્સેક્સ 633 પોઈન્ટ વધીને 76,704 પર અને નિફ્ટી 196 પોઈન્ટ વધીને 23,777 પર બંધ થયા હતા. જોકે, એક્સચેન્જ ડેટા મુજબ વિદેશી રોકાણકારોએ બુધવારે 2714.35 કરોડના શેરની ચોખ્ખી વેચવાલી કરી હતી.

## દિલ્હી ડાયરી

### પંચાયતી રાજમાં 'પ્રોક્સી સરપંચ' પ્રથા સામે ઝુંબેશ

જનતા દળ (યુ)ના સિનિયર નેતા રાજીવ રંજન સિંહ 'લલન'ના નેતૃત્વ હેઠળના પંચાયતી રાજ મંત્રાલયે 'સે નો ટુ પ્રોક્સી સરપંચ' (પ્રોક્સી સરપંચને ના કહો) નામની ઝુંબેશ શરૂ કરી છે. હાલમાં જ શરૂ થયેલી આ ઝુંબેશ ૧૮ માર્ચ સુધી ચાલી હતી. આ એવા સમયે આવી છે જ્યારે તેમની પાર્ટીમાં મોટા ફેરફારો થઈ રહ્યા છે અને મુખ્યમંત્રી નીતીશ કુમારે પદ છોડીને રાજ્યસભાના સાંસદ તરીકે દિલ્હી જવાનું પસંદ કર્યું છે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય ગ્રામ પંચાયતોમાં જોવા મળતી 'પ્રોક્સી' પ્રતિનિધિત્વની પ્રથાને નાબૂદ કરવાનો છે, જેમાં ચૂંટાયેલી મહિલા સરપંચોને બાજુ પર રાખીને તેમના પરિવારના પુરુષ સભ્યો–જેમને સામાન્ય રીતે 'સરપંચ પતિ' અથવા 'પ્રધાન પતિ' તરીકે ઓળખવામાં આવે છે–તેમના નામે સત્તા ભોગવે છે. લલન આ પ્રથાનો અંત લાવવા માંગે છે. તેઓ આ પ્રથાને ખતમ કરવામાં સફળ થશે કે નહીં તે તો સમય જ બતાવશે, પરંતુ એવું લાગે છે કે તેઓ અન્ય એક વિવાદ માટે તૈયાર થઈ રહ્યા છે, જે તેમને ટીકાઓના નિશાના પર લાવી શકે છે. હા, આ પ્રથા બંધ થવી જોઈએ, પરંતુ જનતા દળ (યુ)માં થયેલા આંચકાજનક ફેરફારોના સંદર્ભમાં લલન અને અન્ય વરિષ્ઠ નેતાઓ પહેલેથી જ પક્ષના કાર્યકરો અને નેતાઓના રોષનો ભોગ બની રહ્યા છે. પક્ષના નેતાઓ અને કાર્યકરોનો એક મજબૂત વર્ગ તેમના પર આરોપ લગાવી રહ્યો છે કે, તેમણે ભાજપ માટે મુખ્યમંત્રીની બેઠક ખાલી કરાવવા માટે જ નીતીશ કુમારને પટણાથી દિલ્હી મોકલવાનું કાવતરું ઘડ્યું છે.

...અનુસંધાન પાના 11 પર

બે બાળકો અને ત્રણ મહિલા સહિત 8નાં મોત

## ઈન્દોરમાં EV ચાર્જિંગમાં મોતનો બ્લાસ્ટ: સુતેલો પરિવાર રાખ

**ચાર્જિંગ** પોઈન્ટમાં વિસ્ફોટ બાદ આગે કારને લપેટમાં લીધી અને ત્યારબાદ આગ ત્રણ માળના મકાનમાં ફેલાઈ

**ગેસ** સિલિન્ડરો ફાટતા મકાન સ્મશાનમાં ફેરવાયું

ઘટનાસ્થળેથી 10થી 11 ગેસ સિલિન્ડરનો જથ્થો મળી આવ્યો



**ઈન્દૌર, તા. 18 (PTI):** ઈન્દોરના બ્રજેશ્વરી એનેક્સ કોલોની વિસ્તારમાં બુધવારે વહેલી સવારે એક હૃદયદ્રાવક ઘટના બની હતી, જેમાં ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી) ચાર્જિંગ પોઈન્ટમાં વિસ્ફોટ થવાને કારણે લાગેલી આગમાં એક જ પરિવારના આઠ સભ્યોના કરુણ મોત નિપજ્યા હતાં. મૃતકોમાં બે સગીર બાળકો અને ત્રણ મહિલાઓ સામેલ છે.

પોલીસે જણાવ્યા મુજબ, આ દુર્ઘટના સવારે 3:30થી 4:30ના ગાળામાં બની હતી જ્યારે ઘરની બહાર એક કાર ચાર્જ થઈ રહી હતી.

પોલીસ કમિશનર સંતોષ કુમાર સિંહે જણાવ્યું હતું કે, ચાર્જિંગ પોઈન્ટમાં વિસ્ફોટ થયા બાદ આગે કારને લપેટમાં લીધી હતી અને ત્યારબાદ જોતજોતામાં આગ ત્રણ માળના મકાનમાં ફેલાઈ ગઈ હતી. ઘરના દરવાજા ઈલેક્ટ્રોનિક લોકથી સજ્જ હોવાથી પોલીસ અને બચાવ ટુકડી માટે અંદર પ્રવેશવું મુશ્કેલ બન્યું હતું. વધુમાં, ઘરમાં રહેલા રાંધણ ગેસના સિલિન્ડરો પણ ફાટતા આગ વધુ વિકરાળ બની હતી. આ ભયાનક આગમાં વિજય સેઠિયા (65) અને સુમન સેઠિયા (60) સહિત પરિવારના અન્ય સભ્યોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ત્રણ વ્યક્તિઓને બચાવી લેવામાં આવ્યા હતા.

તપાસકર્તાઓને ઘટનાસ્થળેથી 10થી 11 ગેસ સિલિન્ડરનો જથ્થો મળી આવ્યો હતો, જેમાંથી કેટલાક ફાટતા આગ વધુ ભયાનક બની હતી. ફાયર વિભાગે બચાવ કામગીરી દરમિયાન 5 સિલિન્ડરને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ મકાન સ્થાનિક વેપારી મનોજ પુગાલિયાનું હતું અને બચાવ ટુકડીએ બારીની ગ્રીલ તોડીને ત્રણ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિજનોને 2 લાખ રૂપિયા તથા ઈજાગ્રસ્તોને 50,000 રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી મોહન યાદવે પણ આ ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવી

...અનુસંધાન પાના 11 પર

## ઈડી દરોડામાં મમતાની દખલગીરીથી સુપ્રીમ કોર્ટ નારાજ

**મુખ્યમંત્રી** દરોડામાં દખલ કરે તે સુખદ સ્થિતિ નથી, એજન્સીઓ લાચાર ન રહી શકે: સુપ્રીમ

**ભવિષ્ય** માટે નવી એસઓપી ઘડવાના આપ્યા સંકેત




**નવી દિલ્હી, તા. 18:** સુપ્રીમ કોર્ટે બુધવારે પશ્ચિમ બંગાળના આઈ-પીએસી કેસમાં મમતા બેનર્જી સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને એન.વી. અંજારિયાની બેન્ચે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, રાજ્યના મુખ્યમંત્રી દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના દરોડામાં દખલગીરી કરવી તે કોઈ 'સુખદ સ્થિતિ' નથી.

કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે જો કોઈ મુખ્યમંત્રી સરકારી ઓફિસમાં ઘૂસીને કેન્દ્રીય એજન્સીઓના કામમાં અવરોધ ઊભો કરે, તો આવી સ્થિતિમાં તપાસ એજન્સીઓ પાસે શું ઉપાય રહે? આવી ઘટનાઓ માટે કોર્ટે ભવિષ્યમાં 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (એસઓપી) ઘડવાના સંકેત પણ આપ્યા છે.

આ સમગ્ર વિવાદ 8 જાન્યુઆરીએ કોલસા કૌભાંડના મની લોન્ડરિંગ કેસમાં રાજકીય સલાહકાર પેઢી આઈ-પીએસીની ઓફિસ અને તેના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને પડેલા દરોડાથી શરૂ થયો હતો. આ દરોડા દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે પ્રતીક જૈનના ઘરે પહોંચી ગયા હતા અને ત્યાંથી લેપટોપ, ફોન અને અનેક ફાઈલો લઈને બહાર નીકળ્યા હતા. ત્યારબાદ તેઓ સીધા આઈ-પીએસીની સોલ્ટ લેક ઓફિસ પણ ગયા હતા. ઈડીએ આ ઘટનાને 'સત્તાનો ઘોર દુરુપયોગ' ગણાવ્યો હતો, જ્યારે મમતા બેનર્જીએ આ દરોડાને ભાજપ પ્રેરિત અને આગામી ચૂંટણી પહેલાં રાજકીય ષડયંત્ર ગણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન બંગાળ સરકાર વતી વરિષ્ઠ એડવોકેટ શ્યામ દિવાને દલીલ કરી હતી કે બંધારણમાં આવા કિસ્સાઓ માટે ઉપાયો છે અને કેન્દ્રએ યોગ્ય કાનૂની પ્રક્રિયા અનુસરવી જોઈએ. બીજી તરફ, સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બંગાળ સરકાર પર સુનાવણીમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. રાજ્ય સરકારે

...અનુસંધાન પાના 11 પર

## હવે ઘરેલુ ફ્લાઈટની 60 ટકા બેઠકો માટે કોઈ વધારાનો ચાર્જ નહીં

**એક જ** ટિકીટ પર મુસાફરી કરી રહેલા મુસાફરોને સાથે બેસાડવાના નિર્દેશ

**રમતગમતના** સાધનો, પાળતુ પ્રાણીઓને સાથે લઈ જવા માટે પણ પારદર્શક નિયમો બનાવાયા

**નવી દિલ્હી, તા. 18 (PTI):** કેન્દ્ર સરકાર દ્વારા બુધવારે મુસાફર સુવિધાઓને વધુ મજબૂત કરવાના હેતુથી એક મહત્વની જાહેરાત કરવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરલાઈન્સને આદેશ આપ્યો છે કે ઘરેલું ફ્લાઈટ્સમાં 60 ટકા બેઠકો એવી રાખવી જેના પર મુસાફરો પાસેથી સીટ પસંદગીનો કોઈ વધારાનો ચાર્જ (સીટ સિલેક્શન ફી) વસુલવામાં ન આવે.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોને વ્યાજબી દરે મુસાફરીનો લાભ મળે તે માટે કોઈપણ ફ્લાઈટમાં ઓછામાં ઓછી 60 ટકા બેઠકો વધારાના શુલ્ક વગર ઉપલબ્ધ કરાવવી પડશે. અત્યાર સુધી એરલાઈન્સ મોટાભાગની બેઠકો પર 'પ્રીફર્ડ સીટ'ના નામે વધારાના પૈસા વસૂલતી હતી, જ્યારે માત્ર 20 ટકા બેઠકો જ વધારાના ચાર્જ વગર મળતી હતી.

...અનુસંધાન પાના 11 પર

## અનેક દેશોમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ૭૨% સુધીનો તોતિંગ ઉછાળો

**નવી દિલ્હી, તા. 18.** મધ્ય-પૂર્વ (મિડલ ઈસ્ટ)માં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ના ભાવ ૧૦૦ ડોલરને પાર કરી ગયા છે. આ અસ્થિરતાને કારણે દુનિયાના અનેક દેશોમાં ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે, જેના પગલે દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં ઊર્જા બચાવવા માટે કડક પગલાં લેવાની ફરજ પડી છે.

લાઓસમાં ડીઝલના ભાવમાં ૭૨.૪%નો મોટો ઉછાળો જોવા મળ્યો છે. વિયેતનામમાં પેટ્રોલ ૫૦% અને ડીઝલ ૬૫% મોંઘા થયા છે, જ્યારે નાઈજીરિયામાં ડીઝલના ભાવમાં ૬૨%નો વધારો થયો છે. કંબોડિયામાં ડિઝલ 37.3% મોંઘું થયું છે. અમેરિકામાં ડિઝલ 27% મોંઘું થયું છે.

યુરોપિયન દેશોમાં જર્મની પર સૌથી ખરાબ અસર પડી છે. અહીં ડીઝલના ભાવમાં 25.3% નો વધારો થયો છે. સ્પેનમાં પણ ડીઝલના ભાવ 25.6% જેટલા ઉછળ્યા છે. આ ઉપરાંત બેલ્જિયમ, ડેનમાર્ક અને ફ્રાન્સ જેવા દેશોમાં પણ ડીઝલના ભાવમાં 15 થી 20% નો વધારો નોંધાયો છે.

ભારત, ચીન, રશિયા અને સાઉદી અરેબિયા જેવા મોટા દેશોમાં હજુ સુધી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. અલ્જીરિયા, આર્જેન્ટિના, બ્રાઝિલ, મેક્સિકો અને વેનેઝુએલા સહિતના ઘણા દેશોમાં પણ કિંમતો સ્થિર છે.

**થાઈલેન્ડમાં અંતિમ સંસ્કાર અટક્યા અને હાથીઓને પગપાળા ચાલવાનો વારો આવ્યો!!**

થાઈલેન્ડ, ફિલિપાઈન્સ અને વિયેતનામ જેવા દેશોમાં ઈંધણની અછતને પહોંચી વળવા માટે સરકારોએ 'વર્ક ફ્રોમ હોમ' અને વીજળી બચાવવાના આદેશો આપ્યા છે. થાઈલેન્ડમાં એસીનું તાપમાન ૨૬-૨૭ ડિગ્રી રાખવા અને સરકારી અધિકારીઓને ટાઈ-જેકેટ વગર ઓફિસ આવવા જણાવાયું છે જેથી કુલિંગનો ખર્ચ બચાવી શકાય. ઉત્તર-પૂર્વીય થાઈલેન્ડના એક મુખ્ય મંદિરે જાહેરાત કરી છે કે તેમણે અંતિમ સંસ્કાર (Cremation) ની સેવાઓ સ્થગિત કરવી પડી છે. તેનું કારણ એ છે કે સ્થાનિક ગેસ સ્ટેશનોએ જેરી કેનમાં બળતણ ભરવાની ના પાડી દીધી છે, જેના કારણે ભઠ્ઠી માટે જરૂરી ઈંધણ મળી શકતું નથી. થાઈલેન્ડની પ્રાચીન રાજધાની અયુધ્ધયામાં એક

...અનુસંધાન પાના 11 પર

## રૂ. 33,660 કરોડના ખર્ચે દેશમાં 100 ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનશે

**અહીં** ઉદ્યોગો માટે જમીન, વીજળી, પાણી અને અન્ય મંજૂરીઓ પહેલેથી જ તૈયાર હશે

**15 લાખ** યુવાનોને મળશે રોજગારી, 'ભવ્ય' યોજનાને કેબિનેટની મંજૂરી

**નવી દિલ્હી, તા. 18 (PTI):** કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને વેગ આપવા માટે બુધવારે રૂ. 33,660 કરોડની 'ભવ્ય' યોજનાને મંજૂરી આપવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા આ નિર્ણય મુજબ, દેશભરમાં 100 નવા 'પ્લગ-એન્ડ-પ્લે' ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિકસાવવામાં આવશે. આ યોજનાથી અંદાજે 15 લાખ સીધી રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ 100થી 1,000 એકરના વિસ્તારમાં ફેલાયેલા ઉદ્યોગ પાર્કો વિકસાવવામાં આવશે, જેમાં પ્રતિ એકર 1 કરોડ સુધીની નાણાકીય સહાય આપવામાં આવશે. આ પાર્ક્સમાં આંતરિક રસ્તાઓ, અંડરગ્રાઉન્ડ યુટિલિટીઝ, ડ્રેનેજ અને આધુનિક વહીવટી પ્રણાલી જેવી પાયાની સુવિધાઓ ઉપરાંત

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૮-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૪° સે. | ૨૧.૨° સે. | ૨૭% |